રાજયમાં રખડતા પશુઓના વ્યવસ્થાપન માટે શહેરી વિભાગ અને પંચાયત વિભાગ ને સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા / સુચનો

માર્ગદર્શિકા / સુચનો:

ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ એ નામદાર સુપ્રીમ કોર્ટના રિટ પિટિશન-૪૪૦/૨૦૦૦ના ચુકાદા ક્રમાંક D.O.No.2090/2000 PIL (Writ) તા.૨૦/૦૯/૨૦૦૮ અનુસાર મિસ ગીતા શેષમણી Vs યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યના કેસના ચુકાદા મુજબના પ્રાણી કલ્યાણ તથા પ્રાણી ક્રુરતા નિવારણના કાયદાઓનાં રાજ્ય કક્ષાએ અમલ કરાવવા માટેનું સલાહકાર બોર્ડ છે. રાજ્ય સરકાર તથા સ્થાનિક સત્તા મંડળોને પ્રાણીઓની બિનજરૂરી પીડા અને વેદના ઘટાડવા માટે સલાહ આપવાની કામગીરી કરે છે.

રાજ્યમાં રખડતા પશુઓના વ્યવસ્થાપન માટેના સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના ઢોરવાડાઓની કામગીરી અંગે જે તે જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી(SPCA) ને તાકીદના ધોરણે પગલાં હાથ ધરવા તા. ૬૮/૧૦/૨૦૨૨ના રોજ અત્રેની કચેરી દ્વારા માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને રખડતા પશુઓને નિભાવવાના પ્રશ્નો બાબતે પ્રાણી ક્રુરતા અધિનિયમ ૧૯૬૦ કાયદા હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવેલ પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી ની સ્થાપના (SPCA) નિયમ ૨૦૦૧ મુજબ SPCA એ જીલ્લાકક્ષા એ આં કાયદાનો અમલ કરાવે છે જેમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ દ્વારા નીભાવવામાં આવતા ઢોરવાડાઓનું સુપરવિઝન અને મોનીટરીંગની કામગીરી સામેલ છે.

રાજય કક્ષાએ સમગ્ર રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ/ પંચાયતો/ નગરપાલિકાઓ/મહાનગર પાલિકાઓ દ્વારા રખડતા પશુઓને સામાન્ય રીતે ઢોરડબા (કેટલ પોન્ડ)માં રાખવામાં આવે છે જેની કામગીરી The Gujarat Municipalities Act - 1963 અને The Gujarat Provincial Municipal Corporations Act – 1949 હેઠળ શહેરી વિસ્તારમાં શહેરી વિકાસની કચેરીઓ દ્વારા તથા ગુજરાત પંચાયત અિધનિયમ - ૧૯૯૩ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે.

પ્રસ્તુત બાબતે રખડતા પશુઓના પ્રશ્નોનાં નિશકરણમા સહાયભૂત થઈ શકાય તે માટે ગુજરાત રાજ્યમાં પશુ વસ્તી ગણતરી-૨૦૧૯ અને હાલના સમયે આવા કેટલા પશુઓ માટે આયોજન કરવાનું થાય તેની કાર્યપધ્ધતિ નક્કી કરી માહિતી જિલ્લાના કલેકટરશ્રીઓ સહ અધ્યક્ષ, જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી પાસેથી માંગવામાં આવેલ હતી.

જે તમામ જિલ્લાની SPCAની મળેલ માહિતી મુજબ પશુ વસ્તી ગણતરી-૨૦૧૯ના રખડતાં પશુઓની કુલ સંખ્યા ૩,૩૯,૯૮૧ છે. જીલ્લા કચેરીઓ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ સર્વે મુજબ રખડતાં પશુઓની કુલ સંખ્યા ૧,૮૩,૯૯૩ છે જેની સામે ઢોરવાડા તેમજ પાંજરાપોળ ખાતે ૨,૨૩,૬૮૯ પશુઓ રાખવાની ક્ષમતા છે. જૂજ જિલ્લાઓમાં નવી ક્ષમતા ઉભી કરવાની જરૂરિયાત છે, સ્થાનીક સ્વરાજની સંસ્થાઓ ઉપરાંત પાંજરાપોળ ખાતે નિભાવાતા પશુઓ માટે પશુઓના રખરખાવ માટેના ખર્ચ ની જરૂરિયાત પણ મુખ્ય છે. ઉપરાંત પાંજરાપોળ તથા ઢોરવાડા ખાતે રાખવામાં આવતા પશુઓ ની પશુ ચિકિત્સા ,પશુપાલન માર્ગદર્શનની જરૂરિયાત રહેલ છે. જેથી રાજયમાં રખડતાં પશુઓના વ્યવસ્થાપન અને નિભાવ માટે સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા/સુચનો આપવામાં આવે છે જે અંગે સ્થાનિક સ્વરાજ ની સંસ્થાઓ તેમજ જિલ્લાની SPCA દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે અને આ પ્રવૃત્તિ માટે પ્રાણી કલ્યાણ સાથે જોડાયેલ સંસ્થા, વ્યક્તિ, તેમજ સામાજિક કાર્યકરો નો સહકાર મેળવવાનો રહેશે.

(અ) જિલ્લાની SPCA દ્વારા કરવાની થતી કામગીરી અંગે માર્ગદર્શન:

(૧) જિલ્લાની જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી ખાતે કલેકટરશ્રી સહ અધ્યક્ષશ્રીની અધ્યક્ષતામાં થતી તમામ કારોબારી / સામાન્ય બેઠકોમાં પોતાના કાર્યક્ષેત્રના ઢોરવાડા/ પાંજરાપોળોમાં રાખેલ પશુઓ માટે પશુઓના રખરખાવ તેમજ રખડતા પશુઓના પશ્નોના નિકાલ માટેની બાબતને કાયમી એજન્ડા તરીકે લઈ કાર્યવાહી કરવાની રહેશે અને તે માટે કલેકટરશ્રી સહ અધ્યક્ષશ્રી દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાના જવાબદાર અધિકારીઓ/કર્મચારીઓ (ચીફ ઓફિસર, તલાટી, સરપંચ, Cattle Nuisance Control Department ના અધિકારી) ની સમયાંતરે બેઠક બોલાવી રખડતાં પશુઓના નિકાલ માટે સંભવિત પગલા હાથ ધરવાની કાર્યવાહી કરવાની રહેશે. સદર બાબતે પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમોની જોગવાઇ અનુસાર કામગીરી કરવાની રહેશે. ઉકત તમામ બાબતે થયેલ કાર્યવાહી અંગે થયેલ બેઠકની કાર્યવાહી નોંધ રાજ્ય કક્ષાએ મોકલી આપવાની રહેશે.

(૨) ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા બોર્ડના વખતો વખતના ઠરાવો અને પરિપત્ર દ્વારા જિલ્લામાં PCA(Establishment of Society of Cruelty to Animals) 2001 rules અંતર્ગત ઓથોરાઇઝડ પર્સનની નિમણૂંક કરવા જણાવેલ છે. ઓથોરાઇઝડ પર્સનની વિગતો (નામ, સરનામું, સંપર્કની વિગત વિગેરે.) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (ચીફ ઓફિસર, તલાટી, સરપંચ, સીએનસીડીના અધિકારી)ને જણાવવાની રહેશે. ઓથોરાઇઝડ પર્સન દ્વારા રખડતા પશુઓના પ્રશ્નોના નિકાલની બાબતમાં સ્થાનિક લોકપ્રતિનિધિનાં સંપર્કમાં પ્રવર્તમાન કાયદા નિયમો તેમજ યોજનાઓની માહિતી પ્રચારપ્રસાર તેમજ અન્ય બાબતે મદદરૂપ થવાથી સમસ્યાઓનુ નિરાકરણ લાવવામાં મદદ મળશે.

(3) રાજય પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા તમામ જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીએ પશુચિકિત્સા અધિકારીની (આઉટસોર્સીંગથી) નિમણૂંક કરવા જણાવેલ છે. નિમણૂક થયેલ પશુચિકિત્સા અધિકારીએ જે જગ્યાએ રખડતા પશુઓ રાખવામાં આવેલ છે તેની મુલાકાત લેવાની રહેશે.

(૪) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ/ પંચાયતો/ નગરપાલિકાઓ/મહાનગર પાલિકાઓને રખડતા પશુઓ સંબંધી ,પશુપાલન પ્રભાગની રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ ,ગૌસેવા અને ગૌચર વિકાસ બૉર્ડની ,ભારતીય જીવ જંતુ કલ્યાણ બૉર્ડ ની યોજનાઓ સંબંધે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે. આં બાબતોની તમામ જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી (SPCA) દ્વારા સમીક્ષા કરવાની રહેશે

(બ) જિલ્લાની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ/ પંચાયતો/ નગરપાલિકાઓ/મહાનગર પાલિકાઓને માર્ગદર્શન

(૧) વર્ષ.૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા નગરપાલિકાઓમાં રખડતાં ઢોર નિયંત્રણ માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂા. ૧૦.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે તથા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ પબ્લિક ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ રાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત ગૌશાળા, પાંજરાપોળ માટે આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા રૂ. ૭૦૦.૦૦ લાખની સહાયની યોજનાનો પુરતો લાભ સંબંધિતો લે તે અંગે આપના કાર્યક્ષેત્ર વિસ્તારમાં રખડતા પશુઓ માટે ખૂટતી સેવાઓ મેળવવાથી સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં મદદરૂપ થશે.

(૨) ગૌસવા અને ગૌચર વિકાસ બોર્ડ પબ્લિક ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ રાજયની સંસ્થાઓ દ્વારા સંચાલિત ગૌશાળા, પાંજરાપોળ તથા સ્વૈછિક સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ખાતે ગૌવંશના બિનવારસી પશુઓના નિભાવ માટે સહાયની યોજના અંતર્ગત રૂા.૫૦.૦૦ કરોડ

જોગવાઇ કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા બિનવારસી ગૌવંશના પશુઓને પાત્રતા ધરાવતી સંસ્થાઓ ખાતે મુકવામાં આવે તો આવા પશુઓના નિભાવ માટે પશુ દીઠ રૂ.૩૦.૦૦ પ્રતિદિનના ધોરણે સંસ્થાઓને સહાય આપવામાં આવે છે. જેનો પુરતો લાભ લઇ આપના કાર્યક્ષેત્ર વિસ્તારમાં રખડતા પશુઓ માટે ખૂટતી સેવાઓ મેળવવા અનુરોધ છે.

(૩) ઉકત યોજનાઓ ઉપરાંત વર્ષ:૨૦૨૨-૨૦૨૩માં ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા-પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓ માટે નિભાવ સહાયની યોજના અંતર્ગત રૂ.૪૯૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને પશુઓના નિભાવ સહાય મેળવતી શક્ય એટલી મહત્તમ ગૌશાળા/પાંજરપોળ ખાતે પણ રખડતા / બિનવારશી પશુઓનો સમાવેશ કરાવી શકાય છે.

(૪) ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ, દ્વારા ગૌશાળા/પ્રાણી કલ્યાણ સંસ્થાઓ ખાતે પશુઓને જીલ્લાની સંસ્થાઓમાં રખરખાવ તેમજ "Animal shelter" માટેની સહાયની યોજનાઓ અમલમાં છે તેનો લાભ જીલ્લા કક્ષાએ પાંજરાપોળ લે તે અંગે ઘનિષ્ઠ લોક જાગૃતિ અને પ્રચાર પ્રસાર કરવા જણાવવામાં આવે છે.

(૫) ભારત સરકારશ્રીના મત્સ્યઉધોગ, પશુપાલન અને ડેરી વિભાગના પશુપાલન અને ડેરી ખાતાની "રાષ્ટ્રીય ગોકુલ મીશન" યોજના અંતર્ગત જે ગૌશાળા/પાંજરાપોળ શ્રેષ્ઠ દેશી નસલના ગૌવંશનું જતન કરે તથા સાચવે તો નાણાંકીય સહાય આપવામાં આવે છે. (યોજનાની વિગતો સામેલ છે)

(૬) ઉકત યોજનાઓ હેઠળ સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ જોગવાઇનો ઉપયોગ જિલ્લાની સ્થાનિક સંસ્થાઓ (ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકાઓ) પાંજરાપોળ / કેટલ પોન્ડ (ઢોર ડબા)માં સમાવેશ કરવા, જરૂર જણાયે રખડતાં પશુઓ માટે Animal Shelterની વ્યવસ્થા કરવા તેમજ રખડતા પશુઓના નીભાવ માટે જરૂરી યોજનાઓનું અમલીકરણ થાય તે મુજબ કાર્યવાહી કરવાથી ઉપસ્થિત થયેલ રખડતા પશુઓના પ્રશ્નો હળવા થશે.

(૭) જીલ્લા કચેરીઓ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ સર્વે મુજબ રખડતાં પશુઓની વિગત જે તે જિલ્લાની SPCA કચેરી ખાતે ઉપલબ્ધ છે તે મેળવી તે મુજબ જિલ્લાની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ/ પંચાયતો/ નગરપાલિકાઓ/મહાનગર પાલિકાઓનાં સંબંધિત કર્મચારીઓ દ્વારા રખડતા પશુઓને પકડવાની કામગીરી કરવા અંગે માર્ગદર્શન છે.

(ક) જિલ્લા કક્ષાએ પોલીસ વિભાગને સુચન :

પ્રાણી ક્રૂરતા અધિનિયમન-૧૯૬૦, તેમજ પશુ પરિવહન નિયમો ૧૯૭૮ (સુધારા સહીત) અને અન્ય મોટર વિહિકલ એક્ટ સંબંધિત કાયદા/નિયમો નું પાલન સ્થાનિક કક્ષાએ પશુ પરિવહન દરમ્યાન થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે

સ્થળ : ગાંધીનગર
તા.૨૯/૧૨/૨૦૨૨

સચિવ, ગુ.સ્ટે.પ્રા.ક.બોર્ડ
સહ
પશુપાલન નિયામક,
ગુ.રા., ગાંધીનગર

જા.ન. ગુ. પ્રા. ક. બો./ફા. નં. ૬૫/૩૪૯૨-૩૫૫૭/ ૨૦૨૨
ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ,
બીજો માળ, સુમન ટાવર, સેક્ટર -૧૧ , ગાંધીનગર
તા.૨૯ /૧૨/૨૦૨૨

<u>નકલ રવાના ઘટતી કાર્યવાહી સારૂ</u>

(૧) મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, મ્યુનીસીપલ કોર્પોરેશન તમામ
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, તમામ
(૩) અધ્યક્ષશ્રી, જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી સહ કલેકટરશ્રી કલેકટર કચેરી   તમામ
(૪) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી(પંચાયત), જિલ્લા પંચાયત કચેરી, તમામ
(૫) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકાઓ- તમામ
(૬) પોલીસ મહાનિદેશકશ્રી, પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર
(૭) કમિશ્નરશ્રી, ખોરાક અને ઔષધ નીયમન તંત્ર, બ્લોક નં-૮, પ્રથમ માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u>

(૧) અંગત મદદનીશશ્રી, માન. મંત્રીશ્રી (કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન મત્સ્યોધ્યોગ, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ), ગુજરાત સરકાર સહ અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડનું કાર્યાલય, ગાંધીનગર
(૨) અંગત મદદનીશશ્રી, માન. રાજયકક્ષા મંત્રીશ્રી (પશુપાલન અને મત્સ્યઉધોગ), ગુજરાત સરકાર સહ ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડનું કાર્યાલય, ગાંધીનગર
(૩) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
(૪) માન. સચિવશ્રી (સહકાર, પશુપાલન મત્સયોધોગ અને ગૌ સંવર્ધન), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૫) કમિશ્નરશ્રી મ્યુનિસિપાલિટી એડમીનીસ્ટ્રેશન, કર્મયોગી ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર
(૬) પશુપાલન નિયામકશ્રી સહ સચિવશ્રી,ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર